



**તા. ૨૦/૧૨/૨૫ : સાસ્કૃતિક કાર્યક્રમ :** પૂર્વ પ્રાથમિક ગુ.મા.ના ૧૨૪ વિદ્યાર્થીઓએ શ્રી કૃષ્ણજીવન દર્શન પર ક્રિષ્ણ જન્મોત્સવ, કાન્હા-જશોદા એકટ, કાલીયા નાગ દમન એકટ, ક્રિષ્ણ સુદામા મિલન જેવા પ્રસંગો રજૂ કર્યા હતા. તેમજ જુદા જુદા કાન્હાના ગીતો ઉપર સુંદર ડાન્સ રજૂ કર્યા હતા.





## One Day Night Stay - વાલીશ્રીનો અભિપ્રાય

નમસ્કાર,
શિક્ષક મિત્રો,
નારાયણ વિદ્યાલય, ભરૂચ,

દિનાંક ૨૭/૧૧/૨૦૨૫ના રોજ નારાયણ વિદ્યાલયનાં શિક્ષક મિત્રો એ જે કાર્યક્રમ રાખ્યો હતો One Day Night Stay એ પ્રોગ્રામ ઘણો યુનિક અને રસપ્રદ હતો. અમારો વાલી તરીકે આ પ્રથમ અનુભવ હતો, જે અમે કયારેય અનુભવ કર્યો ન હતો. તે અમારા બાળકોએ અનુભવ્યો.

સૌ પ્રથમ કાર્યક્રમ રૂટીન મુજબ શરૂ કરીને જે તમોએ બાળકોને એમના મમ્મી-પપ્પાની કમી મહેસૂસ નથી થવા દીધી. ખૂબ જ સરસ રીતે તમોએ બાળકોને નવી ગેમ રમાડી, રાત્રે પ્રાર્થના કરી, સમયસર જમાડયા, રમાડયા અને વ્હાલથી રાત્રે સૂવડાવ્યા. અને બીજે દિવસે તા. ૩૦/૧૧/૨૦૨૫ના રોજ સવારમાં જે પોતાના બાળક સમજીને નવડાવ્યા, સરસ કપડા પહેરાવીને તૈયાર કર્યા. નાસ્તો આપ્યો પછી બધા બાળકોને મંદિરે દર્શન કરવા લઇ ગયા. ત્યારપછી દરેક બાળકોને જમ્પીગ ગેમ રમાડી અને છેલ્લે તમારા દરેક શિક્ષક તરફથી જે જોકરનો પ્રોગ્રામ આપ્યો હતો, તે સૌથી યુનિક હતો. દરેક બાળકને ઘણી મજા આવી, અને બધાને બપોરે જમાડીને શાંતિથી ઘરે મોકલી આપ્યા.
આવી જ રીતે તમે બીજા ઘણા સારાકાર્યક્રમ આપશો, એમ અમે આશા રાખીએ છે.

**દક્ષા મિનેષ કાયસ્થ (માતા)** **મિતેષ એચ કાયસ્થ (પિતા)**

---

જયારે આપણે બાળપણ વિષે સાંભળીએ એટલે આપણને પણ આપણું બાળપણ યાદ આવી જાય. બાળપણની યાદો તાજી કરીએ, સ્કૂલનું ભણતર, પ્રવાસ શિક્ષકને પણ યાદ કરીએ છે. આવી રીતે આજે આપણું બાળક ભુલકુ જયારે પાપા પગલી કરતું થાય ને સમયની સાથે સ્કુલમાં પહેલું પગલુ પાડે ત્યારે સ્કૂલમાં ભણતુ ગણતું થાય તેવું મારુ ભુલકુ પરિન નારાયણ વિદ્યાલયમાં નર્સરીથી આજે શિશુ-૨ માં અભ્યાસ કરે છે અને દરેક પ્રવૃત્તિમાં ભાગ લે છે એના આત્મવિશ્વાસ મનોબળ મજબૂત બને છે. વર્ષમાં એક દિવસનું રાત્રિ રોકાણ (નાઈટ સ્ટે) નું નારાયણ વિદ્યાલયના શિક્ષકગણ દ્વારા ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મારા બાળક પાસે અમે રાત્રિ રોકાણના સ્મરણો સાંભળતા ખુબ જ આનંદ થયો. પરિને અમને જણાવ્યું કે અમારા ટીચરે તો અમને ખુબ જ રમત રમાડી ટેલિવિઝન પર પણ કાર્ટૂન બતાવ્યું ડાન્સ પણ કરાવ્યો, સાંજે સારું જમાડયા અને પોતાના બાળકની જેમ રાત્રે સુવડાવ્યા. અમે સ્કૂલમાં નહિ પણ અમારા ઘરમાં છે તેવો અનુભવ જણાયો હતા. અમે સ્કુલના પ્રિન્સિપલ, કલાસ ટીચર તથા તમામ સ્ટાફનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**વિદ્યાર્થીનું નામ : ઘરિયા પરિન સિંહ. રાજેન્દ્રસિંહ (શિશુ ૨-અ)**
**વાલીનું નામ : ઘરિયા રાજેન્દ્રસિંહ.**